**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : અશરફ નથવાણી**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 09-09-2024**  **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## ગુજરાત વીજ કંપની દ્વારા કામગીરી

સરહદી લખપત તાલુકામાં શંકાસ્પદ તાવના કેસો સામે આવતા આરોગ્ય વિભાગની ટીમ યુદ્ધનાં ધોરણે કામ કરી રહી છે.

આ અંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થયો છે ત્યારે મચ્છરજન્ય રોગોનું પ્રમાણ વધ્યું છે, જેમાં કેટલીક જગ્યાઓએ ડેન્ગ્યું, મલેરિયા, ચિકનગુનિયા જેવા રોગોના કેસ નોંધાયા છે. લખપત તાલુકામાં શંકાસ્પદ તાવના કેસો ધ્યાને આવ્યા છે. જેના પગલે અત્યાર સુધી ૧૩ નાગરિકો મૃત્યુ પામ્યા છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

આ અંગે આરોગ્ય વિભાગની કામગીરીની માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, આરોગ્ય વિભાગની ૨૭ ટીમો યુદ્ધના ધોરણે 'હાઉસ ટુ હાઉસ સર્વે'નું કામ કરી ૩૧૮ ઘરો પૈકી ૨૨૩૪ લોકોનું

આરોગ્ય લક્ષી સ્ક્રીનીંગ કર્યું હતું. જેમાં ૪૮ જેટલા શંકાસ્પદ તાવના કેસ મળી આવ્યા છે. તાલુકામાં દરેક તાવના દર્દીઓનો મલેરિયા રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેમાં બે દર્દીઓ ઝેરી મેલેરિયા પોઝિટિવ આવેલા છે અને એક દર્દી ડેન્ગ્યું પોઝિટિવ આવ્યો છે.

વધુમાં તેમણે ઉમેર્યું કે, તંત્ર દ્વારા 'હાઉસ ટુ હાઉસ' કામગીરી દરમ્યાન ૧૯૫૫ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું છે. શંકાસ્પદ તાવના કેસોને ધ્યાનમાં રાખીને રાજ્ય કક્ષાની એપીડેમીક અને વેક્ટર બ્રોન વિભાગની ટીમ, મેડીકલ કોલેજ અદાણી અને પીડીયુ મેડિકલ કોલેજ રાજકોટની રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં મરણ પામેલ અને આજુ બાજુના ઘરોની મુલાકાતમાં શંકાસ્પદ તાવના દર્દીઓના વધુ તપાસ માટે લોહીના અને ગળા/નાક ના સેમ્પલ લેવામાં આવ્યા હતા.

અત્યાર સુધી થયેલ કામગીરી અને વધુ કાર્યવાહી કરવા બાબતે ગઈકાલે રાજકોટ અને અદાણી મેડીકલ કોલેજની ટીમ દ્વારા જીલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી સાથે બેઠક યોજવામાં આવી હતી. અદાણી મેડીકલ કોલેજની રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા સીઝનલ ફલુ, કોવીડ-૧૯ અને બ્લડ સીરમ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં ૧૧ દર્દી પૈકી એક દર્દી સિઝનલ ફલુ પોઝિટિવ આવ્યો છે. આ નમૂનાઓ વધુ તપાસ અર્થે મેડીકલ કોલેજ રાજકોટ અને ICMR પુણે ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

અસરગ્રસ્ત ગામોમાં મેડિકલ ઓફિસરોની ટીમ દ્વારા ઓપીડી શરૂ કરી દેવામાં આવી છે. વિવિધ ડોકટરો અને પેરામેડિકલ સ્ટાફની ટીમ દ્વારા સઘન સર્વેલન્સની કામગીરી યુદ્ધના ધોરણે કાર્યરત છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

**માહિતી ખાતુ / અશરફ નથવાણી**

---------------------------------------------------------------------

## શક્તિસિંહ ગોહિલ-રાજ્ય સરકારને રજૂઆત

રાજ્યસભાના સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે લખપત તાલુકાના ગામોમાં વરિષ્ઠ અધિકારીઓની ટીમ પહોંચે અને આરોગ્ય વિભાગના નિષ્ણાત ડોક્ટરોની ટીમ દરેક ગામમાં પહોંચે તેવી સરકાર સમક્ષ માંગણી કરી છે.

તેમણે શુદ્ધ પીવાના પાણીની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે, મચ્છરોના ઉપદ્રવને અને રોગચાળાને તાત્કાલિક કાબુમાં લેવામાં આવે તેવા પગલા ભરવાની રજૂઆત પણ કરી છે. શ્રી ગોહિલના કાર્યાલય તરફથી મળેલ યાદીમાં જણાવાયું છે કે, માણસના જીવનથી વધારે કિંમતી બીજું કશું જ ન હોઈ શકે, લોકોના જાનમાલ અને આરોગ્યના રક્ષણની જવાબદારી સરકારની છે. ત્યારે જરૂરી પગલાઓ ભરી તાત્કાલિક પરિસ્થિતિને કાબુમાં લેવાની તેમણે સરકારને વિનંતી કરી છે.

**અશરફ નથવાણી**

---------------------------------------------------------------------

## મતદારયાદી સંહિતા સુધારા ઝુંબેશ

ચૂંટણીપંચના આદેશાઅનુસાર રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ અંતર્ગત કચ્છમાં પણ મતદારયાદીને ક્ષતિરહિત અને અદ્યતન બનાવવા માટેની મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. 1 જાન્યુઆરી-202૫ની સ્થિતિએ 18 વર્ષ પૂર્ણ થતા હોય તેવા યુવા મતદારોનાં નામ મતદારયાદીમાં સમાવિષ્ટ કરવા માટે આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં બૂથ લેવલ ઓફિસર ઘરોઘર જઈ સરવે કરવાના છે. નવાં નામ નોંધણી, નામ કમી કરવા, સ્થળાંતરીત મતદારોને અલગ તારવવવા સહિતની બાબતોને પણ આ આમાં આવરી લેવામાં આવી છે.

**અશરફ નથવાણી**

---

## કારીગર ક્લિનીક બિઝનેસ વેલનેસ પ્રોગ્રામ

સ્ટાર્ટઅપ કારીગર ક્લિનિક દ્વારા કચ્છના મહિલા કારીગરોને ઉદ્યમી બનાવવા કારીગર ક્લિનિકના બિઝનેસ વેલનેસ પ્રોગ્રામ અંતર્ગત 90 દિવસની મહિલા વિશેષ બેચનું જીલ્લા મથક ભુજ ખાતે સાંસદ વિનોદ ચાવડાના હસ્તે આરંભ કરાયો હતો.

શ્રી ચાવડાએ કચ્છનાં ગામડે ગામડે કાર્ય કરતા મહિલા કારીગરોને શોધીને ઉદ્યમી તરીકે તૈયાર કરવાના કારીગર ક્લિનિકનાં

કાર્યને બિરદાવ્યું હતું અને સરકાર તરફથી હસ્તકલાને ઉત્તેજન આપવા લેવાયેલાં પગલાં અને અલગ અલગ યોજનાઓ દ્વારા કારીગરોને આત્મનિર્ભર બનાવવાના પ્રયાસોની માહિતી આપી હતી. ભારત સરકાર દ્વારા શિલ્પગુરુ તરીકે જેમનાં નામની જાહેરાત કરવામા આવી છે તેવા ભુજના ગુલામહુસેન ખત્રી અને ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પામનારમાંડવીના મહિલા કારીગર કાજલ દનીચાનું આ કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું.

**અશરફ નથવાણી**

---------------------------------------------------------------------

## જિલ્લાકક્ષાનો સાયન્સ સેમિનાર

રિજનલ સાયન્સ સેન્ટર ભુજ ખાતે જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમીનાર 2024નું આયોજન કરાયું હતું. જેમાં જિલ્લાની જુદી જુદી શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાના સ્પર્ધકોની એપ્ટીટ્યુડ ટેસ્ટ લીધા બાદ વિવિધ વિષય પર સ્પર્ધકોએ પોતાના પ્રેઝન્ટેશન રજુ કર્યા હતા. તેના પરથી નિર્ણાયકો દ્વારા પ્રશ્નોતરી અને મૂલ્યાંકન કરી વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા. પ્રથમ અને બીજા નંબર પર આવેલ વિદ્યાર્થીઓ રાજ્ય ક્ષાના સેમીનારમાં કચ્છ જિલ્લાનું પ્રતીનીધીત્વ કરશે.

**અશરફ નથવાણી**

---------------------------------------------------------------------